Alembic

**એલેમ્બિક લિમિટેડ**

CIN: L26100GJ1907PLC000033

રજીસ્ટર્ડ ઓફિસ: એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩

ફોન: (૦૨૬૫) ૨૨૮૦૫૫૦ ફેક્સ: (૦૨૬૫) ૨૨૮૨૫૦૬

Email: alembic.investors@alembic.co.in

Website: www.alembiclimited.com


# શેરધારકો ને નોટીસ
## ઈક્વિટી શેર્સનું ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં હસ્તાંતરણ

મીનીસ્ટ્રી ઑફ કોર્પોરેટ અફેર્સ (MCA) એ ૫, સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ધી ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) નિયમો ૨૦૧૬ (નિયમો) અધિસૂચિત(નોટીફાઈ) કર્યા હતા, જેમાં જોગવાઈ કરવામાં આવી છે કે જે શેર્સ ઉપર સતત સાત વર્ષ કે તેથી વધુ સમય માટે ડિવિડંડ ચુકવવામાં ન આવ્યું હોય કે તેને માટે દાવો ન કરાયો હોય તેવા શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં તબદિલ કરવા. આ નિયમો પ્રમાણે જેમના શેર IEPF માં તબદિલ થવાને પાત્ર હતા અને જેમણે નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ થી સતત સાત વર્ષ સુધી ડિવિડંડ માટે દાવો કર્યો ન હતો તે શેર ધારકોને કંપનીએ ૨૧ નવેમ્બર ૨૦૧૬ના રોજ વ્યક્તિગત સંદેશ મોકલી ડિવિડંડ માટે દાવો રજુ કરવાની વિનંતી કરી હતી. જે શેરધારકોના શેર IEPF માં હસ્તાંતરિત થવાને પાત્ર થતા હતા તેમની વિગતો પોતાની વેબસાઈટ www.alembiclimited.com ઉપર અપલોડ કરી હતી.

તે નિયમો અનુસાર તે મુજબની નોટિસો કંપનીએ 'ઈન્ડિયન એક્સપ્રેસ' માં અને 'ફાઈનાન્સિયલ એક્સપ્રેસ' માં ૨૬ નવેમ્બર, ૨૦૧૬ અને ૨૯ નવેમ્બર, ૨૦૧૬માં ક્રમશઃ અંગ્રેજી અને ગુજરાતીમાં પ્રસિદ્ધ કરી હતી.

MCA દ્વારા તેના ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૭ના જાહેરનામાં દ્વારા ઉક્ત નિયમોમાં સુધારા કરવામાં આવ્યા હતા. જેમાં, અન્ય બાબતો સહીત, હસ્તાંતરણની પદ્ધતિમાં પરિવર્તન કરાયું હતું.

જોકે, MCA એ જણાવ્યું હતું કે કંપનીઓ દ્વારા IEPF નાં ડીમેટ ખાતામાં શેરના હસ્તાંતરણ/ટ્રાન્સમિશનની કાર્ય પદ્ધતિ નક્કી કરવાનું બાકી રહેશે પણ આવા હસ્તાંતરણ માટે નિર્ધારિત તારીખ શીઘ્ર જાહેર કરવામાં આવશે.

હવે, MCA દ્વારા તેના ૧૩ ઓક્ટોબર ૨૦૧૭ના જાહેરનામાં દ્વારા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ પ્રાધિકરણ (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) દ્વિતીય સુધારણા નિયમો ૨૦૧૭ જાહેર કરાયા છે. આ સુધારાયેલા નિયમો પ્રમાણે નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ ના ડિવિડંડ સંબંધિત ઈક્વિટી શેર્સ હસ્તાંતરિત કરવાની અંતિમ તારીખ ૩૧મી ઓક્ટોબર ૨૦૧૭ છે.

સબબ શેરધારકોને નોટીસ આપવામાં આવે છે કે જે શેર્સમાં નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ અને ત્યાર પહેલાંના ડિવિડંડ ચૂકવવાના બાકી છે/દાવા નથી કરાયા તેવા શેર્સ અન્ય પૂર્વ સૂચના વગર સુધારાયેલા નિયમો અનુસાર અંતિમ તારીખ એટલે કે ૩૧ ઓક્ટોબર ૨૦૧૭ થી ૩૦ દિવસમાં હસ્તાંતરિત કરવાની કાર્યવાહીનો કંપની આરંભ કરશે.

સુધારાયેલા નિયમો અનુસાર, જેમના શેર્સ IEPF ને હસ્તાંતરિત થવાને પાત્ર છે અને જેમણે ફિઝીકલ સર્ટીફીકેટ રૂપે તે ધારણ કરેલા છે તેઓ કૃપા કરીને નોંધ લે કે કંપની તેમણે ધારણ કરેલા શેર્સની અવેજીમાં નવા શેર સર્ટીફીકેટ(ટો) જારી કરશે અને ત્યાર બાદ આવા શેર્સ IEPF પ્રાધિકરણ દ્વારા ખોલાવાયેલા ડીમેટ ખાતામાં હસ્તાંતરિત કરશે. આવી રીતે ઈસ્યુ થયા બાદ તમારા નામમાં રજીસ્ટર થયેલા મૂળ શેર સર્ટીફીકેટ(ટો) આપમેળે જ રદ્દ થયેલા અને નોનનિગોશીયેબલ ગણાશે. આવા શેરધારકો જેઓ ડીમેટ સ્વરૂપે શેર ધરાવતા હોય તેવા શેરધારકોના કિસ્સામાં કોર્પોરેટ કાર્યવાહી દ્વારા સંબંધિત ડીપોઝીટરી મારફત IEPF પ્રાધીકરણના ડીમેટ ખાતામાં શેર્સ હસ્તાંતરિત કરશે.

શેરધારકો કૃપા કરીને નોંધ લે કે કંપની દ્વારા પોતાની વેબસાઈટ ઉપર અપલોડ કરાયેલી આવા શેર ધારકોની અદ્યતન સૂચીની ઉક્ત સંપૂર્ણ વિગતો સુધારેલા નિયમો અનુસાર IEPF નાં ડીમેટ ખાતામાં હસ્તાંતરિત કરવાના હેતુસર નવા શેર સર્ટીફીકેટ જારી કરવા હેતુ પર્યાપ્ત નોટીસ મનાશે અને ગણવામાં આવશે.

આવા શેર્સ ઉપરનું હવે પછીનું ડિવિડંડ IEPF ને જમા આપવામાં આવશે. દાવો ન કરાયેલા ડિવિડંડ અને IEPF ને હસ્તાંતરિત કરાયેલા શેર્સ માટે કંપની સામે કોઈ દાવો ઉભો રહેશે નહીં. ડિવિડંડ અને શેર્સ IEPF ને હસ્તાંતરિત થયા હોઈ શેર ધારકો નિયમ પ્રમાણે તેને માટેનો દાવો IEPF ને ફોર્મ નં. IEPF-૫ માં અરજી કરીને કરી શકશે. તે ફોર્મ કંપનીની વેબસાઈટ અને IEPF ની વેબસાઈટ www.iepf.gov.in પર ઉપલબ્ધ છે.

ઉક્ત બાબતે વિશેષ સ્પષ્ટીકરણ માટે સંબંધિત શેરધારકો કંપની અથવા તેના RTA નો નિમ્નલિખિત એડ્રેસે સંપર્ક કરી શકે છે.

**રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ:**
લીન્ક ઈનટાઈમ ઈન્ડીયા પ્રા. લી.
યુનિટ: એલેમ્બિક લિમિટેડ
બી-૧૦૨ અને ૧૦૩ શાંગ્રીલા કોમ્પ્લેક્ષ,
પહેલા માળે, HDFC બેંક સામે,
રાધાકૃષ્ણ રસ્તા પાસે, અકોટા,
વડોદરા ૩૯૦ ૦૨૦ ગુજરાત
ફોન: +૯૧ ૨૬૫ ૨૩૫૬૫૭૩/૨૩૫૬૭૯૪
ફેક્ષ: +૯૧ ૨૬૫ ૨૩૫૬૭૯૧
ઈ મેલ: vadodara@linkintime.co.in
સંપર્ક માટે: શ્રી અલ્પેશ ગાંધી
સહાયક મહા પ્રબંધક, વડોદરા

**કંપનીની રજીસ્ટર્ડ ઓફિસનું સરનામું:**
એલેમ્બિક લિમિટેડ
(સેક્રેટેરીયલ વિભાગ)
એલેમ્બિક રોડ, વડોદરા ૩૯૦ ૦૦૩ ગુજરાત
ફોન: +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦
ફેક્ષ: +૯૧ ૨૬૫ ૨૨૮૨૫૦૬
ઈ મેલ: alembic.investors@alembic.co.in
સંપર્ક માટે:
શ્રી દ્રીગેશ મિત્તલ,
કંપની સેક્રેટરી

**એલેમ્બિક લિમિટેડ વતી,**
સહી/-
**દ્રિગેશ મિત્તલ**
કંપની સેક્રેટરી

સ્થળ: વડોદરા
તારીખ: ૧૦ નવેમ્બર, ૨૦૧૭